# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 16-03-2024 સવારે : 7.45 થી 7.55

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર **RIDDHI UNDHAD** વાંચે છે.

***********************************************

1. **કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત આજે બપોરે કરવામાં આવશે.**
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના દક્ષીણ ભારતના પ્રવાસ દરમ્યાન આજે નાગરકર્નૂલની મુલાકાત લેશે.
3. કેન્દ્ર સરકારે વાહનો માટે વૈકલ્પિક અને પર્યાવરણને અનુકૂળ એવું ઇથેનોલ –હંડ્રેડ ઇંધણ રજૂ કર્યું છે.
4. કેન્દ્ર સરકારે દેશમાં સ્વદેશી ઇલેક્ટ્રીક વાહનોના નિર્માણને પ્રોત્સાહન આપવા અને આ ક્ષેત્રે મૂડીરોકાણ આકર્ષવા નવી નીતીની જાહેરાત કરી છે.
5. કેન્દ્રીય ગૃહમંત્રી  અમિત શાહે કહ્યું છે કે ભારતીય રાજકારણમાં કાળા નાણાના પ્રભાવને દૂર કરવા માટે ચૂંટણી બોન્ડ રજૂ કરવામાં આવ્યા હતા.
6. ફિલ્મ પ્રમાણપત્ર પ્રક્રિયામાં વ્યાપક સુધારો કરવા માટે સરકારે સિનેમેટોગ્રાફ (સર્ટિફિકેશન) નિયમો, 2024ને સૂચિત કર્યા છે.
7. ઓલ ઈંગ્લેન્ડ ઓપન બેડમિન્ટન સ્પર્ધામાં ભારતના લક્ષ્ય સેને સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

***********************************************

(આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો – બ્રેક ન્યૂઝ)

## ECI--LOK-SABHA-POLLS

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત આજે બપોરે ત્રણ વાગે કરવામાં આવશે.

નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે લોકસભાની સાથે સાથે ચૂંટણી પંચ દ્વારા ગુજરાત સહિત કેટલીક રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીના કાર્યક્રમોની જાહેરાત કરાશે.

ગુજરાતની છ વિધાનસભાની ખાલી પડેલી બેઠકો માટે પણ પેટા ચૂંટણીની પણ તારીખ જાહેર થશે. વર્ષ 2019માં લોકસભાની ચૂંટણી એપ્રિલ અને મે માં સાત તબક્કામાં યોજાઇ હતી. આ વર્ષે પણ લોકસભાની સામાન્ય ચૂંટણી એપ્રિલ અને મે મહિનામાં એકથી વધુ તબક્કામાં યોજાવાની સંભાવના છે.

લોકસભાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમની હજી સત્તાવાર જાહેરાત થઇ નથી, છતાં સત્તાધારી ભાજપે 267 ઉમેદવારોના નામની જ્યારે મુખ્ય વિપક્ષ કોંગ્રેસે 82 ઉમેદવારોના નામની જાહેરાત કરી છે.

## PM-NAGARKARNUL VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના દક્ષીણ ભારતના પ્રવાસ દરમ્યાન આજે નાગરકર્નૂલની મુલાકાત લેશે. શ્રી મોદી આજે સવારે તેલંગાણાના નાગરકર્નૂલ લોકસભા મતવિસ્તારમાં એક જાહેર સભાને પણ સંબોધન કરશે.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી મોદીએ ભાજપના મલ્કાજગીરીના ઉમેદવાર ઈ રાજેન્દ્ર સાથે ગઈકાલે મલ્કાજગીરી મતવિસ્તારમાં વિજય સંકલ્પ મેગા રોડ શો યોજ્યો હતો.

# ANDHRA PRADESH-PM'S VISIT

પ્રધાનમંત્રી આવતીકાલે આંધ્ર પ્રદેશના ચિલાકાલુરીપેટા ખાતે રાજકીય બેઠકમાં ભાગ લેશે.

શ્રી મોદી પલનાડુ જિલ્લાના ચિલાકાલુરીપેટા ખાતે રાજકીય બેઠકમાં ભાગ લેવા આંધ્રપ્રદેશની મુલાકાતે છે. તેઓ આંધ્રપ્રદેશમાં આવનારી સામાન્ય અને રાજ્યની વિધાનસભાની ચૂંટણી માટે મંચ નક્કી કરવા માટે ભારતીય જનતા પાર્ટી-તેલુગુ દેશમ પાર્ટી-જનસેના પાર્ટીની એનડીએની રાજકીય બેઠકમાં ભાગ લેશે. તેલુગુ દેશમ પાર્ટી તાજેતરમાં જ 5 વર્ષના અંતરાલ બાદ ફરી એનડીએમાં સામેલ થઈ છે.

## ETHANOL100-ALTERNATE-FUEL

કેન્દ્ર સરકારે વાહનો માટે વૈકલ્પિક અને પર્યાવરણને અનુકૂળ એવું ઇથેનોલ –હંડ્રેડ ઇંધણ રજૂ કર્યું છે. ઇન્ડિયન ઓઇલ કંપની ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિળનાડુ, અને દિલ્હી રાજયોમાં કુલ 183 વેચારણ કેન્દ્રો પરથી ઇથેનોલ – હંડ્રેડ ઇંધણનું વેચાણ કરશે. તબક્કાવાર આ વેચાણ કેન્દ્રોની સંખ્યા વધારીને 400 કરાશે.

દિલ્હીમાં યોજાયેલ કાર્યક્રમમાં આ ઇંધણ રજૂ કરતાં કેન્દ્રિય પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું હતું કે, આશરે 92 થી 94 ટકા ઇથેનોલ ધરાવતું આ ઇંધણ પર્યાવરણને અનુકૂળ છે અને દેશના આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે. આ ઇંધણ હવાની ગુણવત્તા જાળવવામાં અને આબોહવામાં પરિવર્તનની સમસ્યા નાબૂદ કરવામાં મદદરૂપ થશે.

## E-VEHICLE POLICY

કેન્દ્ર સરકારે દેશમાં સ્વદેશી ઇલેક્ટ્રીક વાહનોના નિર્માણને પ્રોત્સાહન આપવા અને આ ક્ષેત્રે મૂડીરોકાણ આકર્ષવા નવી નીતીની જાહેરાત કરી છે. નવી નીતીના કારણે ઇલેક્ટ્રીક વાહન ઉત્પાદકોમાં તંદુરસ્ત સ્પર્ધાને પ્રોત્સાહન મળશે તેમજ ગ્રાહકોને અદ્યતન ટેકનોલોજીનો લાભ મળી શકશે. ઇલેક્ટ્રીક વાહનોનું ઉત્પાદન અને ઉપયોગ વધતાં દેશમાં આયાત કરાતાં ખનીજ તેલનું પ્રમાણ ઘટશે તેમજ પ્રદૂષણમાં પણ ઘટાડો થશે.

ઇલેક્ટ્રીક વાહનો માટેની નવી નીતીમાં ઉત્પાદકો માટે 4 હજાર 150 કરોડ રૂપિયાનું લઘુત્તમ મૂડીરોકાણ આવશ્યક છે. જો કે, મહત્તમ મૂડીરોકાણ માટે કોઇ મર્યાદા નથી. આ નીતી હેઠળ સંબંધિત વાહન ઉત્પાદકોએ ૩ વર્ષમાં ઉત્પાદન એકમ સ્થાપવાનું રહેશે. અને દર વર્ષે વધુમાં વધુ ૮ હજાર ઇલેક્ટ્રીક વાહનોનું ઉત્પાદન કરી શકાશે.

## SHAH-ELECTORAL-BONDS

કેન્દ્રીય ગૃહમંત્રી  અમિત શાહે કહ્યું છે કે ભારતીય રાજકારણમાં કાળા નાણાના પ્રભાવને દૂર કરવા માટે ચૂંટણી બોન્ડ રજૂ કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે તેઓ ચૂંટણી બોન્ડ પર સુપ્રીમ કોર્ટના આદેશનું સંપૂર્ણ સન્માન કરે છે પરંતુ તેમને લાગે છે કે ચૂંટણી બોન્ડને સંપૂર્ણપણે નાબૂદ કરવાને બદલે તેમાં સુધારો કરવો જોઈતો હતો. તેઓ નવી દિલ્હીમાં મીડિયા ગ્રુપના એક કાર્યક્રમમાં ગઇકાલે  બોલી રહ્યા હતા.

કોંગ્રેસનો ઉલ્લેખ કરતા, શ્રી શાહે આરોપ લગાવ્યો કે વિરોધ પક્ષના નેતાઓ રાજકીય દાન રોકડમાં લેતા હતા કારણ કે તેઓ પાર્ટીના નામે દાનની થોડી રકમ જમા કરાવતા હતા અને બાકીના પોતાના ખિસ્સામાં રાખતા હતા. તેમણે કહ્યું કે

20 હજાર કરોડ રૂપિયાના કુલ ઈલેક્ટોરલ બોન્ડમાંથી ભાજપને લગભગ 6 હજાર કરોડ રૂપિયા મળ્યા છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે 14 હજાર કરોડ રૂપિયાના બોન્ડ ક્યાં ગયા? તેમણે એમ પણ કહ્યું કે, TMCને રૂ. 1,600 કરોડ, કોંગ્રેસને રૂ. 1,400 કરોડ, BRSને રૂ. 1,200 કરોડ, BJDને રૂ. 750 કરોડ અને ડીએમકેને રૂ. 639 કરોડ મળ્યા છે.

શ્રી શાહે કહ્યું કે ભાજપને 303 સાંસદો હોવા છતાં 6,000 કરોડ રૂપિયા મળ્યા અને બાકીનાને 242 સાંસદો હોવા છતાં 14,000 કરોડ રૂપિયા મળ્યા. ગૃહમંત્રીએ કહ્યું, હિસાબ પતાવ્યા બાદ વિપક્ષ જનતા અને મીડિયાનો સામનો કરી શકશે નહીં.

વન નેશન વન ઇલેક્શન અંગે શ્રી શાહે જણાવ્યું હતું કે આ દેશમાં વારંવાર ચૂંટણીઓ યોજાય છે અને લોકો ચૂંટણીમાં વ્યસ્ત રહે છે અને વારંવાર ખર્ચ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે આદર્શ આચાર સંહિતા અને વન નેશન, વન ઇલેક્શન જ એકમાત્ર ઉપાય છે તેના કારણે અનેક વિકાસ કામો અટકી પડે છે.

શ્રી શાહે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદનને પુનરાવર્તિત કર્યું કે ભાજપને 370 થી વધુ બેઠકો મળશે અને એનડીએને 400 થી વધુ બેઠકો મળશે.

# CINEMATOGRAPH RULES

ફિલ્મ પ્રમાણપત્ર પ્રક્રિયામાં વ્યાપક સુધારો કરવા માટે સરકારે સિનેમેટોગ્રાફ (સર્ટિફિકેશન) નિયમો, 2024ને સૂચિત કર્યા છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું હતું કે સાર્વજનિક પ્રદર્શન માટે ફિલ્મોના પ્રમાણપત્રની સમગ્ર પ્રક્રિયાને સુધારવા અને સમકાલીન બનાવવા માટે નિયમોને વ્યાપક રીતે બદલવામાં આવ્યા છે.

ભારતીય ફિલ્મ ઉદ્યોગ 40 થી વધુ ભાષાઓમાં વાર્ષિક ત્રણ હજારથી વધુ ફિલ્મોનું નિર્માણ કરતું વિશ્વના સૌથી મોટા અને સૌથી વધુ વૈશ્વિક ઉદ્યોગોમાંનું એક છે. આ નવા નિયમોનો ઉદ્દેશ્ય ડિજિટલ યુગ માટે ફિલ્મ પ્રક્રિયાને સુવ્યવસ્થિત અને આધુનિક બનાવવાનો છે,

ઉભરતી તકનીકો અને ફિલ્મ ક્ષેત્રની પ્રગતિ સાથે તાલ મિલાવી. મુખ્ય પાસાઓમાં ફિલ્મ પ્રમાણપત્ર ની પ્રક્રિયા માટે સમય-રેખામાં ઘટાડો અને વ્યવહારના તમામ સમયને દૂર કરવા માટે સંપૂર્ણ ડિજિટલ પ્રક્રિયાઓ અપનાવવાનો સમાવેશ થાય છે. ચલચિત્રો અને ફીચર ફિલ્મોમાં પ્રમાણપત્ર માટે વિવિધ સુવિધાઓ હશે, જેથી તેને અલગ-અલગ-વિકલાંગ વ્યક્તિઓ માટે સમાવિષ્ટ બનાવવામાં આવે, આ સંદર્ભમાં સમયાંતરે જારી કરવામાં આવેલી માર્ગદર્શિકામાં નિયત કરવામાં આવી છે.

# VP-HYDERABAD VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર આજથી તેલંગાણાના હૈદરાબાદની બે દિવસની મુલાકાતે જશેતેમની મુલાકાત દરમિયાન ., શ્રી ધનખર હૈદરાબાદના કાન્હા શાંતિ વનમ ખાતે 'વૈશ્વિક આધ્યાત્મિકતા મહોત્સવ' ના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ હશે.

# PRESIDENT-HYDERABAD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે આધ્યાત્મિકતા પર આધારિત આપણી સંસ્કૃતિએ વિશ્વ-ભાઈચારાની ભાવનાને કેન્દ્રમાં રાખી છે. હૈદરાબાદ ખાતે કાન્હા શાંતિ વનમ ખાતે ચાર-દિવસીય વૈશ્વિક આધ્યાત્મિકતા મહોત્સવને સંબોધતા રાષ્ટ્રપતિએ આ મુજબ જણાવ્યું હતું.

સુશ્રી મુર્મુએ સ્પષ્ટ કર્યું કે ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ, જગદગુરુ શંકરાચાર્ય, સંત કબીર, સંત રવિદાસ અને ગુરુ નાનકથી લઈને સ્વામી વિવેકાનંદ, ભારતના આધ્યાત્મિક દિગ્ગજોએ હંમેશા વિશ્વ સમુદાયને આધ્યાત્મિક પુનરુત્થાન પ્રદાન કર્યું છે.

# BADMINTION

ઓલ ઈંગ્લેન્ડ ઓપન બેડમિન્ટન સ્પર્ધામાં ભારતના લક્ષ્ય સેને સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે. લક્ષ્ય સેનનો આજે ઈન્ડોનેશિયન જોનાટન ક્રિસ્ટી સામે સેમિફાઈનલમાં મુકાબલો થશે. મેચ આજે બપોરે ૩.30 વાગ્યે રમાશે.

ઉલ્લેખનીય છે કે બર્મિંગહામમાં ગઈકાલે રાત્રે પુરૂષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં ભારતના લક્ષ્ય સેને મલેશિયાને 20-22, 21-16, 21-19થી પરાજય આપ્યો છે.

# KAVITHA

બીઆરએસ ધારાસભ્ય અને ભૂતપૂર્વ સાંસદ અને બીઆરએસ વડા કે ચંદ્રશેખર રાવની પુત્રી, કે કવિતાની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા તેના હૈદરાબાદના ઘરેથી ધરપકડ કરવામાં આવી છે.

ઈડીના અધિકારીઓએ ગઈકાલે કવિતાને દિલ્હી ખસેડી છે. બીઆરએસ નેતાઓ અને કવિતાના પરિવારે કહ્યું કે તેઓ આ મામલાને કાયદાકીય રીતે પૂર્ણ કરશે °કવિતાના વકીલે કહ્યું કે તેઓ ધરપકડ સામે સુપ્રીમ કોર્ટમાં જશે. બીઆરએસએ તેને રાજકીય કાવતરું ગણાવ્યું છે અને બીઆરએસ નેતા કવિતાની કથિત ગેરકાયદેસર ધરપકડ સામે તમામ જિલ્લાઓમાં વિરોધ પ્રદર્શન કરવાનું પણ આહ્વાન

કર્યું છે. દરમિયાન, EDએ પૂર્વ મંત્રી કે તારકા રામારાવ સામે ફરજ પરના અધિકારીઓને અવરોધ કરવા બદલ ફરિયાદ પણ નોંધાવી હતી.

# MUMBAI- SMRITI IRANI

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ મુંબઈમાં સ્ટોક એક્સચેન્જ ખાતે વિકસીત ભારત એમ્બેસેડરની બેઠકને સંબોધિત કરી હતી.

બેઠક દરમિયાન તેમણે વિવિધ ક્ષેત્રોમાં સરકારની 10 વર્ષની ઉપલબ્ધિઓ વિશે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે ભારત સુધારા, પ્રદર્શન, પરિવર્તન અને માહિતી દ્વારા વિકસિત દેશ બનશે. તેમણે એમ પણ કહ્યું કે દેશમાં તમામ ક્ષેત્રોમાં વિકાસ થયો છે.

ભારતને વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનવામાં મદદ કરવા માટે માળખાકીય વિકાસ, ડિજિટલાઈઝેશન, મહત્તમ શાસન, લઘુત્તમ સરકાર અને સરકારની અન્ય વિવિધ સિદ્ધિઓ પર ભાર મૂક્યો હતો.

# UJJAIN

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે મધ્યપ્રદેશના ઉજ્જૈન માટે 188 કરોડ 95 લાખ રૂપિયા મંજૂર કર્યા છે. આ રકમનો ઉપયોગ ઉજ્જૈન જંકશન રેલ્વે સ્ટેશન અને મહાકાલેશ્વર મંદિર વચ્ચેના હાલના રોપવેના વિકાસ, સંચાલન અને જાળવણી માટે કરવામાં આવશે.

# AMERICA

અમેરીકામાં ગુરૂવારે રાત્રે ઘણા રાજ્યોમાં ભયંકર વાવાઝોડાને કારણે ઓછામાં ઓછા ત્રણ લોકો માર્યા ગયા હતા અને ઘણા ઘરો અને વ્યવસાયોને નુકસાન થયું હતું. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર મૃત્યુઆંક વધી શકે છે. વાવાઝોડાથી

કેન્ટુકી, ઇન્ડિયાના અને અરકાનસાસમાં પણ નુકસાન થયું હતું. ત્યાનાં રાષ્ટ્રીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, શુક્રવારે દક્ષિણના ભાગોમાં ભારે પવન ફુંકાવાની સંભાવના વ્યક્ત કરવામા આવી હતી.

# CBI

સીબીઆઈએ બેલાપુરમાં CGSTના સહાયક કમિશનરની 1 લાખ 5 હજાર રૂપિયાની લાંચ માંગવાના આરોપમાં ધરપકડ કરી છે.

એક ટ્રાન્સપોર્ટ ફર્મના ભાગીદારને સર્વિસ ટેક્સ સંબંધિત કારણ બતાવો નોટિસ આપવામાં આવી હતી અને આરોપી આસિસ્ટન્ટ કમિશનરે કેસની પતાવટ કરવા માટે 6 લાખ રૂપિયાની લાંચ માંગી હતી.

અધિકારીએ જણાવ્યું કે વાટાઘાટો બાદ લાંચની રકમ 1 લાખ 5 હજાર રૂપિયા નક્કી કરવામાં આવી હતી. CBIએ છટકું ગોઠવ્યું અને CGSTના  ઇન્સ્પેક્ટરની લાંચ લેતા રંગે હાથે ધરપકડ કરવામાં આવી હતી.